# નવરાત્રી દરમિયાન અંબાજીમાં ભક્તોની આરોગ્ય સલામતી માટે વિશેષ વ્યવસ્થા

## મંદિરમાં દર્શન માટે સોશિયલ ડિસ્ટન્સિંગ, સેનિટાઈઝ અને સ્ક્રિનિંગ બાદ પ્રવેશ

જગત જનની મા અંબાની આરાધનાનું પર્વ નવરાત્રીનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. ચાલુ વર્ષે ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારીને પગલે સરકારે ગરબાના આયોજન પર મુકેલા પ્રતિબંધથી માતાજીના આરાધકોમાં વ્યાપેલી નિરાશા વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. આદ્યશક્તિ મા અંબાની ૫૧ શક્તિપીઠો પૈકીની મુખ્ય શક્તિપીઠ અને માતાજીનું મૂળ સ્થાન ગબ્બર પર્વત ધામ હવે ભાવિક ભક્તો માટે ખુલ્લું મુકાયું છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગબ્બરની ફરતે સ્થાપિત કરાયેલી ૫૧ શક્તિપીઠોની પ્રતિકૃતિને કારણે ભક્તોને અહીં એક જ સ્થળે તમામ શકિતપીઠોના દર્શનનો દુર્લભ લ્હાવો સાંપડે છે.



રાજય સરકારની સુચના અનુસાર ચાલુ વર્ષે અંબાજીમાં ગરબાનું આયોજન રદ કરાયું છે, પરંતુ નવરાત્રી દરમિયાન માતાજીના મંદિરમાં દર્શન રાબેતા મુજબ ચાલુ રહેશે. કોરોનાના પગલે અંબાજી દર્શન માટે પધારતા ભક્તોના આરોગ્યની સલામતી પર વિશેષ ભાર મુકતા અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકારની કોવિડ ૧૯ અંગેની માર્ગદર્શિકા મુજબની તમામ સુવિધા અને વ્યવસ્થા મંદિર પરિસર અને મૂળ સ્થાન શક્તિપીઠ ગબ્બર પર્વતે કરવામા આવી છે.

આ ઉપરાંત સ્થાનિક લોકો, ઓટો અને ટેક્ષી ચાલકો, ધર્મશાળા અને હોટલો દ્વારા દર્શનાર્થીઓને કોરોનાથી બચાવવા માટેના સ્વાસ્થ્ય સંબંધી પગલાં લેવામાં આવી રહ્યા છે. નવરાત્રી દરમિયાન ૧૭ ઓક્ટોબરથી યાત્રાળુઓ માટે દર્શન માટેનો સમય સવારે ૮થી ૧૧.૩૦, બપોરે ૧૨.૩૦થી ૪.૧૫ અને સાંજે ૭થી રાત્રે ૯ વાગ્યા સુધીનો રહેશે. દરેક શ્રદ્ધાળુએ મંદિરમાં ફરજિયાત પણે માસ્ક પહેરીને પ્રવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સ સાથે સેનિટાઈઝ અને સ્ક્રિનિંગ થયા બાદ જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

મંદિર પ્રશાસને ૧૦ વર્ષથી ઓછી વયના બાળકો અને ૬૫ વર્ષથી વધુની વય ધરાવતાં નાગરિકોને હાલના મહામારીના સમયમાં દર્શન માટે નહીં આવવા પણ અપીલ કરી છે.

૧૬૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું માં અંબાનું મૂળ સ્થાન શક્તિપીઠ ગબ્બર પર્વત અંબાજી ધામ પણ ભાવિકભક્તો માટે ખુલી ગયું છે. માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન ગબ્બર પર્વત અંબાજીથી ત્રણ કી.મી. ના અંતરે સ્થિત છે. માતાજીના ૫૧ શક્તિપીઠોમા પ્રમુખ શક્તિપીઠ મૂળ સ્થાન ગબ્બર પર્વત ઉપર મા અંબાજીના અખંડ જયોતના સંપૂર્ણ દર્શન માટે રોપવે (ઉડનખટોલા) યાત્રિકોની સેવામાં તકેદારી અને સભાનતાની સાથે કાર્યરત છે.

**અંબાજીના પવિત્ર ગબ્બરનું પૌરાણિક મહત્વ**

- અરવલ્લીની ગિરિમાળામા ગબ્બર પર્વત વર્ષો જુનો છે.
- દેવી સતીનું હદય આ સ્થાન પર પડેલ હોવાથી ''હદયપીઠ'' પણ કહેવામાં આવે છે.
- ગબ્બર પર્વત ઉપર હજારો વર્ષોથી માંની અખંડ જ્યોત પ્રજ્વલિત છે.
- માં અંબાના પવિત્ર પ્રાગટ્ય સ્થાને માંના પગલા અને રથના નિશાન આજે પણ મોજુદ છે.
- માન્યતા છે કે ભગવાન શ્રી કૃષ્ણનો ચૌલકર્મ (બાબરી) વિધિ ગબ્બર પર્વત ઉપર થઈ હતી.
- ગબ્બર પર્વત સ્થિત પારસ પીપળીના વૃક્ષ પર મહિલાઓ અખંડ સૌભાગ્યની રક્ષા માટે દોરો અને બંગડી બાંધે છે.
- અતિ પ્રાચીન સમયમા રાવણને મારવા માટે માં અંબાએ પવિત્ર પ્રાગટ્ય સ્થાન ગબ્બર ઉપર રામને અજય બાણ આપ્યું હતું, જે બાણથી રાવણનો નાશ થયાની માન્યતા છે
- આ પવિત્ર સ્થાન એકાવન શક્તિપીઠોમાં હદયસમાન છે.
- ગબ્બર ઉપર માં અંબાની અખંડ જ્યોત પ્રજ્વલિત હોય છે, જે હાલના અંબાજી મંદિરથી સીધી લીટીમા દેખાય છે.

# આઈઆઈટી ગાંધીનગર અને નાઈપર વચ્ચે શૈક્ષણિક, સંશોધન અને જ્ઞાન વિનિમય માટે એમઓયુ



ગાંધીનગર, તા. ૧૬

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-અમદાવાદ (નાઈપર-એ) એ શૈક્ષણિક, સંશોધન અને જ્ઞાન આદાન-પ્રદાન માટેની વિવિધ પ્રવૃત્તિઓને સરળ બનાવવા માટે એક સમજૂતી કરાર (એમ.ઓ.યુ.) કર્યો છે.

આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધીર કે જૈન અને નાઈપર-એ ડાયરેક્ટર પ્રો કિરણ કાલિયાએ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા. આ નવા સહયોગ સાથે, આઈઆઈટી ગાંધીનગર અને નાઈપર-એ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટની સંયુક્ત દરખાસ્તો દ્વારા જ્ઞાન નિર્માણ, ટેક્નોલોજીના વિકાસ અને માનવ સંસાધન વિકાસમાં સાથે મળીને કામ કરશે.આ કરારના ભાગ રૂપે, બંને સંસ્થાઓના ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને સંશોધનકારો એકબીજાના લેબ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ પણ કરી શકશે. તે વિવિધ ક્ષેત્રોમાં ઈનક્યુબેશન અને ''હેન્ડ્સ-ઓન'' એક્સપોઝર માટે વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે પણ મદદરૂપ થશે.

આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધિર કે જૈને તેમના વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે વિસ્તૃત રીતે કામ કરનારી શૈક્ષણિક સંસ્થા નાઈપર-એ અમારા પાડોશમાં છે તે અમારા માટે લહાવો છે. બીજી બાજુ, આઈઆઈટી ગાંધીનગરમાં પણ બાયોલોજિકલ એન્જિનિયરિંગ, બાયોમેડિકલ એન્જિનિયરિંગ અને હેલ્થકેરમાં નોંધપાત્ર સંશોધન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ થાય છે. મને ખાતરી છે કે નાઈપર-એ સાથેની અમારી ભાગીદારીથી સંશોધન અને નવીનતામાં બંને સંસ્થાઓના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને નોંધપાત્ર ફાયદો થશે.''

નાઈપર-એના ડાયરેક્ટર પ્રો કિરણ કાલિયાએ કહ્યું કે, ''આઈઆઈટી ગાંધીનગર સાથે આ કરાર કરવાથી જ્ઞાન વિનિમય અમારા ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને સંશોધકોને તેમની શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે મોટો ફાયદો કરશે. સંશોધન અને વિકાસના વિવિધ ક્ષેત્રોમાં બંને સંસ્થાઓની પોતાની શક્તિ છે, અને પરસ્પર ટેકો આપવા માટે તેની આપ-લે કરવાથી વિદ્યાર્થીઓ અને સંશોધકોના ફાયદા માટે સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ થશે.''

# ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડમાં ચેરમેન-વાઈસ ચેરમેન સહિત પાંચ સભ્યોની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સંસ્કૃત શિક્ષણના વ્યાપક પ્રસાર માટે કાર્યરત ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ સભ્યોની બિનસરકારી સભ્યો તરીકે નિમણૂંક કરી છે.


મુખ્યમંત્રીએ આ બોર્ડના ચેરમેન તરીકે સંસ્કૃત વિદ્વાન અને નિવૃત્ત આચાર્ય સુરેન્દ્રનગરના જયશંકર રાવલની તેમજ વાઈસ ચેરમેન તરીકે પેટલાદની રાજકીયા સંસ્કૃત પાઠશાળાના આચાર્ય તેમજ સંસ્કૃત વિદ્વાન નંદકિશોર મહેતાની નિમણૂંક કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડના અન્ય ૩ બિનસરકારી સભ્યોમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ડૉ. દિપેશ કટિરા, નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના ડૉ. અમૃતલાલ ભોગાયતા અને કિલ્લા પારડી વલસાડના રાજેશભાઈ રાણાની નિમણૂંક કરી છે.

ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડના આ તમામ બિનસરકારી સભ્યોની નિમણૂંક ૩ વર્ષ માટે કરવામાં આવી છે.

# નવરાત્રી-૨૦૨૦ માટે હળવી ટીપ્સ...

- ચોકમાં કે જાહેર જગાએ ભલે માતાજીનું સ્થાપન કરેલું હોય તો પણ આપણે ત્યાં જવાનું ટાળવું ને જો જવું જ હોય તો મોંઢા ઉપર માસ્ક બરાબર ફીટો ફીટ પહેરીને જ જવું અને માડીની ક્ષમા માગી દૂરથી જ દર્શન કરી લેવાં.
- બને તો ઘરમાં જ માતાજીનું સ્મરણ કરી લેવું, ધ્યાન ધરી લેવું એટલે માસ્ક કે સેનેટાઈઝરની માથાકૂટ જ નહિ.
- માતાજીની આરતી તેમ જ ગરબા યુ ટ્યૂબ ઉપર જ સાંભળી લેવા કે જોઈ લેવા.
- અમુક જગાએ ગરબા દરમિયાન મોડી રાત્રે ગરબા ગાનાર ભાઈઓ બહેનોને લ્હાણીનું (ભેટ) વિતરણ થાય છે તો આ વરસે આવું વિતરણ જે તે દાતાએ ટાળવું ને જો કરવું જ હોય તો ગામમાં કે ફળિયામાં દરેકના ઘરે તે લ્હાણી પહોંચાડી દેવી.



- આમ તો જાહેરમાં ગરબા ગવાવાના નથી છતાં ય જો ગવડાવવાનું નક્કી થાય તો બહેનો સાડી અથવા ડ્રેસ પહેરીને જ ગરબા ગાઈ શકશે એવો કડક નિયમ બનાવવો જેથી ફેશનના નામે થતું અંગ પ્રદર્શન અટકાવી શકાય.
- ભલે નિયંત્રણો સાથે ગરબાની પરવાનગી મળી હોય તો પણ આપણે સ્વયં શિસ્ત રાખી ઘેર બેઠાં જ માતાજીનું સ્મરણ કરી લેવું...
- કોરોના સમગ્ર ઉત્સવોનો દુશ્મન બનીને આવ્યો છે તો એ દાનવનો સંહાર કરવાની માતાજીને મનોમન પ્રાર્થના કરવી.
- ગરબા જોયા વગર ના જ ચાલે એવા લોકોએ જાણીતા કલાકારોના પાછલા વર્ષોના લાઈવ ગરબાના વીડીયો જોઈ મન વાળી લેવું.
- મોટાં શહેરોમાં નવરાત્રિ દરમિયાન દર વર્ષે રાત્રે થતી ધમાલ આ વખતે જોવા નથી મળવાની તો એને માટે પૂરતો સાથ સહકાર આપવો.
- નવરાત્રિમાં રાત્રે રોનક જોવાની તમન્નાવાળા જુવાનિયા ધીરા પડી જાય ને ઘરે બેઠાં સારી ફિલ્મો કે ક્રિકેટ મેચ જૂએ અને ઓનલાઈન અભ્યાસ પછીના ફ્રી સમયમાં છાપાના ઝીણામાં ઝીણા સમાચારો વાંચવાની ટેવ પાડે જેનાથી ઘણી બધી નવીન જાણકારી મળશે અને ભવિષ્ય માટે એક સારી આદત વિકસશે.
- રાત્રે અગિયાર બાર કે એક વાગે દાબેલી-વડાપાઉં-કે પાણી પૂરી અથવા બીજા કોઈ ચટ પટિયા નાસ્તાનો આ વર્ષ પૂરતો સૌ બહિષ્કાર કરે....એમાં જ સૌનું કલ્યાણ છે.

ઉપર દર્શાવેલ ટીપ્સનો જે માઈભક્ત કડક અમલ દિલથી કરશે એના ઉપર મા અંબાની કૃપા આખું ય વરસ છવાઈ રહેશે અને ૨૦૨૧ની નવરાત્રિ એકપણ નિયંત્રણ વિના તે માણી શકશે...જય માતાજી...

(જન હિતમાં જારી)

● અનંત પટેલ
મો. ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

## વર્લ્ડ સેવન વન્ડર્સ રેડિયન્ટ ટેલેન્ટ બુક ઓફ રેકોર્ડ દ્વારા

# શાહપુર પ્રા. શાળાના આચાર્ય અશ્વિનભાઈને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

ચિલોડા, તા. ૧૬

વર્લ્ડ સેવન વન્ડર્સ રેડિયન્ટ ટેલેન્ટ બુક ઓફ રેકોર્ડ દ્વારા દર વર્ષે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા શિક્ષકોનું સન્માન કરવામાં આવ છે. જેમાં શાહપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અશ્વિનભાઈ પ્રજાપતિએ ઓનલાઈન પોતાની પ્રોફાઈલ રજૂ કરી હતી. સાથોસાથ સંસ્થા દ્વારા 'આત્મનિર્ભર' ભારતમાં યુવાનોની ભૂમિકા 'વિષય અંતર્ગત રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.' જેમાં પોતાની રચનાકૃતિ મોકલાવી હતી. જે નિબંધ સ્પર્ધામાં શાહપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અશ્વિનભાઈ પ્રજાપતિએ રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય સ્થાન હાંસલ કર્યું હતું.

તેમજ રેડિયન્ટ ટેલેન્ટ બુક ઓફ રેકોર્ડ સન્માન પ્રાપ્ત કર્યું હતું. સંસ્થા દ્વારા તેમને રૂા. ૧૫૦૦ રૂપિયાનો પુરસ્કારનો ચેક તથા સન્માનનું સર્ટિફિકેટ કોરોના મહામારીના કારણે કુરિયર દ્વારા મોકલ્યું હતું.

આ પ્રમાણપત્ર સમગ્ર કાર્ય માટે માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડનાર ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિના હસ્તે અશ્વિનભાઈ પ્રજાપતિને એનાયત કરી અભિનંદન પાઠવ્યા હતા.






## ઓનલાઇન ગરબાની ઉજવણી

કોરોના મહામારી વચ્ચે પણ ગુજરાત ની લોકપ્રિય નવરાત્રી. ગરબાની રમઝટ માટે યુવાનો બાળકો મોટી સંખ્યામાં રાહ જોતા હોય છે આવા સમયે ઓનલાઈન ગરબાની ટ્રેનિંગ લઈ તૈયારી કરતા હોય છે ત્યારે કોમલ ઠાકર દ્વારા યુવાનો અને યુવતીઓને પુરી તૈયારી કરાવી નવરાત્રીની ઉત્સાહપૂર્વક ઓનલાઈન ઉજવણી કરવામાં આવશે...



પવિત્ર પુરૂષોત્તમ માસ દરમિયાન દરરોજ કોરોના રોગચાળાના લીધે સેકટર-૫એ ખાતેના બહેનો એ ઘરમાં રહી પૂજન અર્ચન કરી સમગ્ર પુરૂષોત્તમ માસની ભકિત ભાવપૂર્વક ઊજવણી કરી હતી. પુરૂષોત્તમ માસના છેલ્લા દિવસે સેકટર-૫એ ખાતે આવેલા પંચમુખી મહાદેવના મંદિરમાં સામાજિક અંતર રાખી બહેનો દ્વારા પુજન કરવામાં આવેલ તથા આ નિમિત્તે બહેનો દ્વારા યથાશક્તિ દાન-દક્ષિણા આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન નિરૂબેન નાયક દ્વારા કરવામાં આવેલ હતું.



## મિનિએચર આર્ટિસ્ટ મુકેશ પંડ્યા દ્વારા નવરાત્રી મિનિએચર આર્ટનું સર્જન

કોરોના ની વૈશ્વીક મહામારી ના લીધે સરકારે લીધેલ સ્વાસ્થ્ય સંબંધીત નિર્ણયના લીધે આ વખતે જાહેરમાં નવરાત્રી નહીં થાય. કદાચ શેરી ગરબાની પરમીશન મળશે એ આશા પણ ઠગારી નીકળી. પરંતુ ચાંદખેડામાં રહેતા મિનીએચર આર્ટિસ્ટ મુકેશ પંડયા એ તેમની લઘુ શિલ્પકલા દ્વારા ગરબા ની અનેક કલાકૃતિઓ નું સર્જન કરેલ છે. વડોદરાના યુનાઈટેડ વે ના ગરબા,તો કૃષ્ણના અલગ અલગ સ્વરૂપે ગોપીઓ સંગ રાસલીલા, ફૂલનો ગરબો, દિવડાની જ્યોતને ફરતે ગરબા, લક્ષ્મીજી,નાનકડી દુર્ગા પૂજા વગેરેની અદભૂદ ઝાંખી કરાવી છે. વિશિષ્ટતા જોવા જઈએ તો ફક્ત 20 mmની સાઈઝના આ તમામ પાત્રોમાં જીવંતતા લાવવાનો એક અદભુત પ્રયાસ છે.

## ડાયરેક્ટ ❤ સે

સવારનો ધુમ્મસ પણ એ શિખવાડે છે કે, બહુ આગળનું જોવું નક્કામું છે... ધીમે ધીમે આગળ વધતા રહો રસ્તા આપોઆપ ખુલ્લા થઈ જશે...

## જન્મદિને વધામણી



ડો. નીતાબેન શેખાત
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના



મયુર દવે
મો. ૮૫૧૧૬ ૨૮૯૭૦



રમણ ભટ્ટ
મો. ૯૮૯૮૫ ૧૮૮૫૯



મીત
જિજ્ઞેશભાઈ રાજ્યગુરુ
મો. ૭૯૯૦૦ ૫૧૯૩૧



એ જી વ્હોરા
મો. ૯૮૭૯૦ ૧૯૫૬૩



એઈલીન (જોલી) ક્રિશ્ચિયન
મો. ૯૬૨૪૦ ૦૦૪૩૧



માસ્ક પહેરો... કોરોનાથી બચો...